# ભગવાન જગન્નાથ રથયાત્રા મહોત્સવ



**ધર્મરંગ**
**વ્યોમા સેલર**

અષાઢ સુદ બીજ ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો મહોત્સવ ભારતમાં જુદા જુદા શહેરોમાં ઉજવાય છે. ઓડિશા રાજયના પુરી ધામમાં આખા વિશ્વનો સૌથી મોટો રથયાત્રાનો ઉત્સવ મનાવવામાં આવે છે. દુનિયાના ખૂણે ખૂણેથી ભાવિક ભક્તો આ ઉત્સવનો લાભ લઈને ધન્યતા અનુભવે છે.

ભગવાન અસીમિત છે. તેથી પરમેશ્વરનાં નામ પણ અસંખ્ય છે. ભગવાનનું પ્રત્યેક કાર્ય દિવ્ય હોવાને કારણે તે કાર્ય પરથી ભગવાનનું નામ આપવામાં આવે છે. જેમ કે ગોપાળ, માખણ ચોર, ગિરીરાજ, બંસીધારી, રાસવિહારી વગેરે ભગવાનની લીલાનાં નામ પરથી પાડવામાં આવ્યા છે. ભગવાનની લીલા અનંત અને અવિનાશી છે.

ભગવાન જગન્નાથને વિશાળ માત્રામાં ભોગ (વ્યંજન) લગાડવામાં આવે છે. જગન્નાથ ભગવાન વિશાળ માત્રામાં ભોગનો સ્વીકાર કરે છે તેથી તેનું નામ ભોગખિયા પણ કહેવાય છે. ભગવાનને પ્રતિદિન 56 ભોગ ધરાવવામાં આવે છે.

ભગવાન જગન્નાથને ‘ચખ આખિ’ પણ કહેવાય છે. ભગવાન જગન્નાથજીનાં વિશાળ નેત્રો ગોળાકાર છે. તે નેત્રો ભક્તો પર કૃપા કરવા માટે કાયમ ખુલ્લાં જ રહે છે. એવું માનવામાં આવે છે કે ભગવાન એક પલક પણ ફરકાવતા નથી કારણ કે તે તેમની કૃપા ભક્તો પર અવિરત વરસતી રહે. ભક્તો પર તેમની કૃપાદૃષ્ટિ અસીમ પડી રહે તે માટે ભગવાન પોતાના નેત્ર બંધ કરતાં જ નથી, અવિરત ખુલ્લાં રાખે છે.

ભગવાન જગન્નાથજીને ‘દારુબ્રહ્મ’ પણ કહેવાય છે કારણ કે જગન્નાથજી યુવતીના રૂપમાં પ્રગટ થાય છે. તેને સંસ્કૃતમાં ‘દારુ’ કહેવાય છે. તેઓ પરમ ભગવાન પણ છે. તેથી બ્રહ્મ પણ કહેવાય છે.

ભગવાનના વિગ્રહ વિશેષ પ્રકારના લાકડામાંથી વિશ્વકર્મા દ્વારા રચાયેલ હોવાથી પણ તેમને ‘દારૂ બ્રહ્મ’ કહેવાય છે. પુરીની રથયાત્રામાં કુલ 3 રથ હોય છે. જેના દર્શન માટે દેશવિદેશથી અસંખ્ય ભક્તો પધારે છે. ભગવાન જગન્નાથજીના રથનું નામ ‘નંદીઘોષ’ છે. જે રથયાત્રામાં સૌથી પાછળ ચાલે છે. ભગવાન બલરામજીના રથનું નામ ‘તાલધ્વજ’ છે જે સૌથી આગળ ચાલે છે. સુભદ્રા માતાના રથનું નામ ‘દર્પદલન’ છે જે બે રથની વચ્ચે ચાલે છે. આ રથોનું નિર્માણ અક્ષય તૃતીયાના દિવસથી ચાલુ કરવામાં આવે છે. તે રથોનું નિર્માણ વિશેષ દારુક નામના લાકડામાંથી થાય છે. વિશાળકાય રથમાં કોઈ પણ પ્રકારની ખીલીનો ઉપયોગ કરવામાં આવતો નથી. ભગવાન જગન્નાથનો રથ 16 પૈંડાંવાળો હોય છે. જગન્નાથજીના રથની દોરી ‘શંખચુડા’થી ઓળખાય છે. બલરામ ભગવાનનો રથ 14 પૈંડાંવાળો હોય છે. જેની દોરીનું નામ ‘વાસુકી’ કહેવાય છે જ્યારે સુભદ્રા માતાનો રથ

> ભગવાન જગન્નાથનો રથ 16 પૈંડાંવાળો હોય છે. જગન્નાથજીના રથની દોરી ‘શંખચૂડા’થી ઓળખાય છે. બલરામ ભગવાનનો રથ 14 પૈંડાંવાળો હોય છે. જેની દોરીનું નામ ‘વાસુકી’ કહેવાય છે જ્યારે સુભદ્રા માતાનો રથ 12 પૈંડાંવાળો હોય છે. જેની દોરી ‘સ્વર્ણચૂડા’નાડી તરીકે ઓળખાય છે

12 પૈંડાંવાળો હોય છે. જેની દોરી ‘સ્વર્ણચૂડા’નાડી તરીકે ઓળખાય છે. જગન્નાથપુરીની રથયાત્રા દરમિયાન રસ્તાની સોનાના ઝાડુથી સફાઈ કરવામાં આવે છે. રથની આગળ આ ઝાડુથી સફાઈ કરવાની પરંપરા પ્રાચીન કાળથી ચાલી આવી છે. આજે પણ રાજવંશના લોકો રથના પ્રારંભ પહેલાં ઝાડુ લગાવે છે. પછી રથ ખેંચવાની શરૂઆત થાય છે.

ઝાડુ સફાઈ પાછળની પુરાણ કહાની છે કે ઓરિસ્સાના રાજા પ્રતાપરૂદ્ર જે ભગવાનના પરમ ભક્ત હતા. જેમણે ભગવાનને મળવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તે મળી શક્યા નહોતા. કળીયુગમાં રાજા પ્રતાપરૂદ્રને ભગવાનના અવતાર શ્રી ચૈતન્ય મહાપ્રભુને મળવાની તીવ્ર ઈચ્છા હતી પરંતુ ભગવાન ચૈતન્ય તેમની માંગણીનો સતત અસ્વીકાર કરતા હતા. આથી ભગવાનને પ્રસન્ન કરવા રાજાએ રથયાત્રાના આરંભ પહેલાં એક સોનાના હાથાવાળી સાવરણી બનાવી. આ સાવરણીથી સ્વંય રાજાએ કચરો વાળ્યો પછી આખા રથને સુંગધિત જળથી ધોયો. આ પ્રકિયા જોઈને ભગવાન ચૈતન્ય મહાપ્રભુએ ખૂબ જ ખુશ થઈ આશીર્વાદ આપ્યા. આ પ્રસંગથી રથયાત્રામાં સોનાની સાવરણીથી સફાઈની શરૂઆત થઈ હતી જે આજે પણ ચાલુ રાખવામાં આવી છે.

ભગવાન શ્રીકૃષ્ણ દ્વારિકા ગયા તેથી વૃંદાવનવાસીઓ રાધારાણી તથા ગોપીઓ હૃદયથી દુ:ખી થયાં કારણ કે વ્રજનંદન શ્રીકૃષ્ણના વિના ક્ષણભર રહેવું તેઓના માટે અસંભવ હતું. ગોપીઓ અને રાધારાણી દુ:ખી હતાં. એક વાર સૂર્યગ્રહણના પ્રસંગે બલરામ, સુભદ્રા તથા ભગવાન કૃષ્ણ કુરુક્ષેત્રની ભૂમિ પર પધારે છે.

આ વાતની જાણ રાધારાણી તથા ગોપીઓને થાય છે. તેથી તેઓ ત્યાં જાય છે. શ્રીકૃષ્ણ રાજવી પોશાક ધારણ કરેલ હોવાથી ગોપીઓ તથા રાધારાણી ખૂબ જ ખુશ થાય છે. શ્રીકૃષ્ણ પાસે જઈને કહે છે કે તમો અહીંયા છો. હું પણ કુરુક્ષેત્રમાં છું. આપણે ફરીથી વૃંદાવન જઈને લીલાઓનું આસ્વાદન કરીએ. આથી શ્રીકૃષ્ણ ગોપીવંશ ધારણ કરી રાધારાણી તથા ગોપીઓની સાથે વૃંદાવન પ્રયાણ કરે છે.

આમ ભગવાન કુરુક્ષેત્રથી વૃંદાવન રથમાં આરૂઢ થઈને જવાના સંકેત રૂપે રથયાત્રાનો ઉત્સવ મનાવવામાં આવે છે.

જય જગન્નાથ...

# બે ચોકી



**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

દામોદર નદીના પાતળા થઈ ગયેલા પ્રવાહને, વાંસના પુલથી વળોટી અમે મુંડેશ્વર પહોંચ્યા. બંગાળના પૂર્વ બર્ધમાન જિલ્લામાં, જ્યાંથી દામોદર અને મુંડેશ્વરી નદી છૂટી પડે છે, તે સ્થાન પર રાંગાદાસ બાઉલનો આશ્રમ છે. ત્યાં અમને પ્રધાન ચક્રવર્તી લઈ જવાના હતા.

રાંગાદાસ વૈષ્ણવ સહજીયા બાઉલ હતા. તે વિશિષ્ટ એ રીતે હતા કે જ્યાં 90% લોકો માછલીને શાકાહારી ગણતા હોય તેવા પ્રદેશમાં તે સંપૂર્ણ શાકાહારી હતા.

પ્રધાને સાંજે, ‘‘માછલી તો જલ ફળ એટલે કે પાણીનું ફળ છે તે તો ખવાય!’’ તેવી દલીલ અમારી સાથે કરી હતી, તે પછી તેણે અમને કહ્યું, ‘‘ચાલો, તમારી ગુજરાતી જેવી જ દ્રઢ માન્યતા ધરાવતા બાઉલ પાસે તમને લઈ જાઉં!’’ તે રીતે તે હેતુથી અમે રાંગાદાસને મળવા આવ્યા હતા.

થોડી વાતો પછી પ્રધાને બાઉલને સીધું જ પૂછ્યું, ‘‘બાઉલ! આ મારા ગુજરાતી મિત્રો સંપૂર્ણ શાકાહારી છે, તું પૂર્ણ શાકાહારી કઈ રીતે થયો તેની વાત કર!’’

રાંગાદાસ બોલ્યા, ‘‘ફક્ત ગુરુકૃપા! હું તો સાંથાલનો માંસમચ્છી બધું જ ખાનારા એવા કુટુંબનો માણસ હતો. 10 વર્ષ પહેલાં મારા ગુરુ પૂર્ણદાસ પાસે આવ્યો ત્યારે તેમણે મને બાઉલ પરંપરા પ્રમાણે નિરામિષ આહાર કરવાનો બોધ ન આપ્યો પણ એટલું કહ્યું કે ચોકીદારથી ચેતીને ખાવું, તેની નજરમાં ન ચડવું!’’

અમારી સાથે રહેલ અતુલ શાહ બોલ્યો, ‘‘અરે ગુરુ! આવી રીતે સામિષ ભોજન કરવાનું કહે? આ તે કેવા ગુરુ?’’

> તું જે કંઈ ખાય છે તે બધું બે ચોકીની પાસેથી જ તો પસાર થાય છે. પહેલી ચોકી છે, ‘કંઠ ફાંડિ’ એટલે કે કંઠ ચોકી. ત્યાં રહેલ શબ્દ અને સૂરનો ચોકીદાર તારા ખોળિયામાં જતાં એકેએક કોળિયાને ચકાસે છે. શું તું તેનાથી ગુપ્ત રાખીને કોળિયા ભરી શકે?

રાંગાદાસ હસવા લાગ્યા, ‘‘હા, પ્રારંભે તો મને પણ મજા પડી ગઈ! પણ પછી એક સપ્તાહ બાદ સંગીત શીખવતી વખતે તેમણે મને પૂછ્યું, ‘‘રાંગા, તું સામિષ ભોજન કરે છે ને? તારા બંને ચોકીદારને ખબર પડી ગઈ છે! અને તે મારી પાસે ચાડી ખાય છે!’’

હું સ્તબ્ધ થઈ ગયો. મેં કહ્યું કે ના ગુરુ, તે તો હું સાવ ગુપ્ત રાખું છું, કોણ છે તે ચુગલીખોર ચોકીદાર? મને બતાવો!’’

ગુરુ બોલ્યા, ‘‘ચાલ બતાવું. તું જે કંઈ ખાય છે તે બધું તે બે ચોકીની પાસેથી જ તો પસાર થાય છે. પહેલી ચોકી છે, ‘કંઠ ફાંડિ’ એટલે કે કંઠ ચોકી. ત્યાં રહેલ શબ્દ અને સૂરનો ચોકીદાર તારા ખોળિયામાં જતાં એકેએક કોળિયાને ચકાસે છે. શું તું તેનાથી ગુપ્ત રાખીને કોળિયા ભરી શકે?

ત્યાંથી આગળ એ કોળિયો હોજરીમાં સ્વાહા થતાં પહેલા, બીજી ચોકી ‘હ્રિદ ફાંડિ’ એટલે કે હૃદય ચોકી પાસેથી નીકળે છે! તેના ઊર્મિ અને નાદ નામના બે સિપાહીને મોકલી, તારા કોળિયાની તપાસણી કરે છે. આ બધો જ પળેપળનો અહેવાલ બંને ચોકીઓ દ્વારા મનેર માનુષ પાસે તુરત જ જાય છે.’’

પછી ગુરુ બોલ્યા, ‘‘બસ, આ બે ચોકી અને ચોકીદારથી મેં તને ચેતવ્યો હતો, હવે શું કરવું તે તારી મરજી!’’

બસ, બીજા દિવસથી હું નિરામિષ ખોરાક લેતો થઈ ગયો.

અતુલે કહ્યું, ‘‘અમારી નિરામિષ જીવનશૈલીની વેલને તમે દ્રઢતાનું જળ સીંચ્યું, તમારો આભાર!’’